<u>વેચાણ દસ્તાવેજ</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) તાલુકા વટવા (જુના અમદાવાદ શહેર-પુર્વ) નાં ગામ મોજે હાથીજણની સીમમાં **"અભીષેક"** સ્કીમમાં આવેલ **બંગલા નંબર. ....** ની મિલકતનો વેચાણ દસ્તાવેજ **રૂા..............**/- અંકે રૂપીયા .... પુરાનો.

<u>વેચાણ લેનાર :--</u>	....
એકતરફવાલા :--	PAN : __________
	પુખ્તવયના, ધર્મે હીન્દુ, રહે, ...
	.... અમદાવાદનાં.
	જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ લેનાર એકતરફવાલા તમો તમારા એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દનાં અર્થમાં વેચાણ લેનારનો તથા વેચાણ લેનારનાં વંશ વાલી વારસો એકઝીકયુટરો એડમીનીસ્ટ્રેટરો સકસેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.
<u>વેચાણ આપનાર :--</u>	" બી. નાનજી-એ "
બીજીતરફવાલા :--	PAN : AAKFB 3025 G
	એ નામની ભાગીદારી પેઢી જેની ઓફીસ, મુર્તિ બંગલો, ૫, અશોકનગર, સેટેલાઈટ, અમદાવાદમાં આવેલ છે. જેના વતી અને તરફથી તેના વ.ક.ભાગીદારો
	૧) આશીષભાઈ ભુપેન્દ્રભાઈ પટેલ પુખ્તવયના, ધંધો વેપાર, ધર્મે હીન્દુ, ઠે. નવરંગપુરા, અમદાવાદનાં.
	૨) પ્રશાંતભાઈ પ્રવિણચંદ્ર અમીન પુખ્તવયના, ધંધો વેપાર, ધર્મે હીન્દુ, ઠે. ઉસ્માનપુરા, અમદાવાદનાં.
	ઉપરોકત બંનેના કુલમુખત્યાર દીનેશભાઈ પ્રમુખભાઈ પટેલ ઉ.વ.પુખ્ત, ધર્મે હીન્દુ, રહે, ૭, અદીતી એપાર્ટમેન્ટ, સીન્ડીકેટ સોસાયટી સામે, નવાવાડજ, અમદાવાદ.
	જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં વેચાણ આપનાર બીજીતરફવાલા અમો અમારા એ રીતે સંબોધવામાં આવ્યા છે. જે શબ્દનાં અર્થમાં વેચાણ આપનાર તથા વેચાણ આપનારનાં હાલના તથા વખતો વખતના ભાગીદારો, એકઝીકયુટરો એડમીનીસ્ટ્રેટરો સકસેસરો ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

(જત)

૧) રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) તાલુકા વટવા (જુના અમદાવાદ શહેર-પુર્વ) નાં ગામ મોજે હાથીજણની સીમના એકત્ર બ્લોક નંબર. ૧૭૬/એ (મુળ બ્લોક નંબરો. ૧૭૬/એ, ૧૭૭, ૧૭૯, ૧૯૬) જેનો ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર. ૭૬ (હાથીજણ) માં સમાવેશ થતા ફાઈનલ પ્લોટ નંબર. ૯૭+૧૦૧+૧૦૬
૨
ની બીનખેતીની રહેણાંકીય ઉપયોગની જમીન પૈકી અમદાવાદ મ્યુ.કોર્પોરેશનએ પાસ કરેલ પ્લાન મુજબ સબપ્લોટ નંબર. ૨ ચો.મી. ૮૦૦૮.૨૧ ની જમીનમાં "**અભિષેક**" નાં નામથી ઓળખાતી સ્કીમ આવેલ છે. જે ઈન્ડીયા કોલોની, રાધેઉપવન પાસે, મહેમદાવાદ રોડ, હાથીજણ, અમદાવાદમાં આવેલ છે. તેમાં બંગલા નંબર. ..... પ્લોટ એરીયા ચોરસમીટર. .... ની જમીન (કોમન રસ્તા તથા કોમન પ્લોટ સહીત) તેમાં આવેલ ગ્રા.ફલોર તથા ફર્સ્ટ ફલોર ચો.મી. ____________ ના બીલ્ટઅપ એરીયાના બાંધકામવાલી મીલકત જે અમો વેચાણ આપનારની કુલ સ્વતંત્ર માલીકીપણા અને કબજા ભોગવટાની આવેલી છે. જેનું સંપુર્ણ વર્ણન આ નીચે પરીશીષ્ટમાં વર્ણવેલ છે. અને જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " મજકુર મીલકત " એ રીતે સંબોધવામાં આવશે. અને તે મીલકત આ વેચાણ દસ્તાવેજથી અમો તમોને વેચાણ આપીએ છીએ.

૨) મજકુર જમીન અમો વેચાણ આપનારના કુલ સ્વતંત્ર માલીકીપણા અને કબજા ભોગવટામાં આવેલ છે. તે બાબતની નોંધ સરકારી દફતરે એન્ટ્રી નંબર. ૪૯૫૫ થી પડેલ.

મજકુર જમીન અંગે બીનખેતીના ઉપયોગ માટેની પરવાનગી જીલ્લા કલેકટરશ્રી અમદાવાદનાંએ તેઓના હુકમ નંબર. ઈસ્ટ/એનએ/ટીબીકે/તત્કાલ/કે-૬૭૧ એસઆર-૧૪૮/૨૦૧૨ થી આપેલ છે.

મજકુર જમીનના પ્લાન અમદાવાદ મ્યુ.કોર્પોરેશન (ઈસ્ટ ઝોન) એ રજાચીઠ્ઠી નંબર. ૩૦૭૭૪/૨૭૧૧૧૨/બી-૫૦૮૦/આર.ઓ/એમ-૧ તા.૨૫-૧-૨૦૧૨ થી પાસ કરેલ છે.

૩) એકતરફવાલા વેચાણ લેનારે મજકુર **"અભીષેક"** સ્કીમમાં સાઈટ ઓફીસની તથા સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લીધેલ છે. તે સમયે બીજીતરફવાલા વેચાણ આપનારએ આપેલ પ્રોજેકટ અંગેની તમામ માહીતી, બ્રોસર બતાવવામાં આવેલ. ત્યારબાદ બીજીતરફવાલા વેચાણ આપનાર ધ્વારા આપવામાં આવેલ મ્યુ.કોર્પોરેશન ધ્વારા મંજુર કરવામાં આવેલ બાંધકામના પ્લાનો, બીનખેતીની પરવાનગીનો હુકમ, મજકુર જમીનના રાઈટ ટાઈટલ્સ, કરારો, દસ્તાવેજ તથા અન્ય આનુસંગીક કાગળો વિગેરે એકતરફવાલા વેચાણ લેનારે પોતે જાતે તથા જાણકાર વ્યકિત અગર સંસ્થા મારફતે ચેક કરાવેલ છે.

૪) મજકુર મીલકત તથા કોમન તમામ ફેસીલીટીઝ વિગેરેનું કરવામાં આવેલ બાંધકામ તથા બાંધકામના માલસામાન, બાંધકામની ગુણવત્તા, કાર્યકુશળતા તેમજ બાંધવામાં આવેલ યુનીટના માપ, સાઈઝ, ક્ષેત્રફળ તેમજ મજકુર યોજનામાં પુરી પાડવામાં આવેલ તમામ સહીયારી સુવિધાઓ જેવા કે પાર્કીગ, એમેનીટીઝ વિગેરે તમામ બાબતો એકતરફવાલા વેચાણ લેનારે પોતે જાતે તથા જાણકાર વ્યકિત અગર સંસ્થા મારફતે કરી કરાવી જોઈ તપાસી સમજી લીધેલ હોઈ અને તે રીતેની તમામ બાબતો અંગે વેચાણ લેનારને સંતોષ થયેલો હોઈ અને તે અંગે કોઈ વાંધો તકરાર, ફરીયાદ ન હોઈ અગાઉ કરી આપેલ બુકીંગની તથા મજકુર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન હાલ સ્થળ ઉપર જે સ્થીતિવાલી મીલકત તેની અંદર આવેલ તમામ બાંધકામ સહીત તેમજ **"અભીષેક"** ના મેમ્બર્સ તરીકેના વરાડે તમામ હકકો સહીત બીજીતરફવાલા વેચાણ આપનારે એકતરફવાલા વેચાણ લેનારને ઉચ્ચક કીંમત **રૂ**.............../- અંકે રૂપીયા .... પુરામાં વેચાણ આપવાનું નકકી કરેલ છે અને તે આધારે મજકુર મીલકત વેચાણ લેવાનો અધિકાર તમો વેચાણ લેનારનો હોઈ આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારએ તમો વેચાણ લેનારની તરફેણમાં કરી આપેલ છે.

૫) વેચાણ આપનાર વેચાણ લેનારને આ વેચાણ દસ્તાવેજ લખી આપે છે કે, નીચે પરીશીષ્ટમાં જણાવેલ મજકુર મીલકત તેના કોમન પ્લોટ, કોમન રસ્તા, કોમન એમીનીટીઝ તથા કોમન ફેસીલીટીઝના વરાડે મલતા તમામ હકકો સહીતની તેમજ અન્ડર ગ્રાઉન્ડ ઓવર હેડ વોટર ટેન્કમાંથી પાણી વાપરવાના હકકો સહીતની તેમાં નળ, ગટર કનેકશન ઈલેકટ્રીક ફીટીંગ્સ ચાલુ વપરાશના હકકો સહીતની તથા તમામ હકકો સહીત વેચાણ આપનારે મજકુર મીલકતના અવેજનાં

રૂા............../- અંકે રૂપીયા .... પુરામાં વેચાણ આપી નીચેની વિગતે લીધા છે. અને મજકુર મીલકતનો આજરોજ શાંત ખાલી અને પ્રત્યક્ષ કબજો અમો વેચાણ આપનારએ તમો વેચાણ લેનારને સોંપેલ છે. જે તમો વેચાણ લેનારે સંભાળી લીધેલ છે.

<u>:: વેચાણ આપનારને અવેજ સોંપ્યાની વિગત જે ::</u>

રૂા............../- અંકે રૂપીયા .... પુરા.

એ રીતે આ વેચાણ કીંમતના કુલ રૂા............../- અંકે રૂપીયા .... પુરેપુરા વેચાણ આપનારને મળેલ છે. જે પહોંચ્યાનું આથી કબુલ કરે છે. અને મજકુર મીલકતના અંગે કોઈપણ રકમ લેવાની બાકી રહેતી નથી. અને આજરોજથી મજકુર મીલકતના વેચાણ લેનાર કુલ સ્વતંત્ર માલીક અને કબજેદાર થયેલા છે.

૬) મજકુર મીલકત ઈલેકટ્રીક સીટી કંપની, મ્યુ.કોર્પોરેશન, રેવન્યુ દફતરે માલીક કબજેદાર તરીકે વેચાણ લેનારના નામ ઉપર ચઢાવવા માટે વેચાણ આપનાર જવાબ, ખાત્રીઓ સહીઓ ચીજો વીગેરે કરી આપશે અથવા કરી આપવા યોગ્ય તજવીજ કરશે. અને તે અંગેનો ખર્ચ તમો વેચાણ લેનારે ભોગવવાનો રહેશે.

૭) મજકુર મીલકતના એકતરફવાલા વેચાણ લેનારે **"અભીષેક"** ના બાહયદર્શન / એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ફેરફાર જેવા કે બાલ્કનીમાં વોલ કવરીંગ સ્ટોન કે કલર સ્કીમ ચેન્જ કરવાની નથી. તેમજ બાલ્કની કવર, વેધર શેડ કે બાલ્કની ગ્રીલ કરી બંધ કરવાની નથી. તેમજ બાહય કલરમાં કે બાહય લાઈટીંગ્સમાં કોઈપણ પ્રકારનો ચેન્જ કરવાનો નથી કે કોઈપણ પ્રકારના પાઈપ કે કેબલ પાસ

કરવા બહારની દિવાલનો ઉપયોગ કરવાનો નથી.

૮) મજકુર સ્કીમ "અભીષેક" માં નકકી કરેલા સ્પેસીફીકેશન બીજીતરફવાલા વેચાણ આપનાર એકતરફવાલા વેચાણ લેનારને કામ પુર્ણ કરી આપેલ છે. પરંતુ કબજો સોંપ્યા બાદ ઈન્ટીરીયર ચેન્જમાં સ્ટ્રકચરને ડેમેજ થાય તે પ્રમાણેના કોઈપણ ચેન્જ કરવાને એકતરફવાલા વેચાણ લેનાર હકકદાર નથી. તેમજ જો ભવિષ્યમાં તેમ કરેલ જણાય તો તેના માટે વેચાણ આપનાર જવાબદાર નથી. તેમજ ઈન્ટીરીયર ચેન્જમાં એલીવેશન વોલને નુકશાન થાય તે પ્રકારે કોઈ તોડફોડ કરવાની નથી.

૯) વેચાણ આપનાર તથા વેચાણ આપનારના હાલના તથા વખતો વખતના ભાગીદારો, ઓથોરાઈઝડ પરશન એકતરફવાલા વેચાણ લેનારને આથી ખાત્રી અને બાંહેધરી આપીએ છીએ કે મજકુર મીલકત ઉપર બીજા કોઈના કોઈપણ પ્રકારનો દર દાવો કે અલાખો નથી મજકુર મીલકત સંપૂર્ણ બોજા રહીત અને નાકરજી છે. અને મજકુર મીલકત કોઈપણ અદાલતના હુકમથી જપ્તી કે અવલ જપ્તીમાં લેવામાં આવેલ નથી. મજકુર મીલકતના ટાઈટલ અંગેની ખાત્રી કરીને તમો વેચાણ લેનારે મીલકત વેચાણ રાખેલ છે.

૧૦) એ રીતે ઉપરોકત કોમન એમીનીટીઝ તથા ફેસીલીટીઝ અંગે મેઈન્ટેનન્સ રીપેરીંગ ઓપરેટીંગ ખર્ચ રીપ્લેસમેન્ટ તથા રીકન્સ્ટ્રકશન તથા સાફસુફી વિગેરે તમામ ખર્ચ સ્કીમમાં આવેલ તમામ બંગલા હોલ્ડરોએ વરાડે ભોગવવાનો રહેશે. તેમજ મજકુર "અભીષેક" માં વાપરવામાં આવેલ મટીરીયલસ જેવા કે લીફટ, સ્ટીલ, સીમેન્ટ, બ્રીકસ, ડોર-વીન્ડો, હાર્ડવેર, પ્લમ્બીંગ મટીરીયલસ, સેનેટરીવેર્સ, ફલોરીંગ, તેમજ બાથરૂમ ટાઈલ્સ વિગેરે બીજીતરફવાલા વેચાણ આપનારે સારી ગુણવતાનું આપેલ છે. જે એકતરફવાલા વેચાણ લેનારે જોઈ તપાસી ખાત્રી કરીને મજકુર મીલકત વેચાણ લીધેલ છે.

૧૧) મજકુર સ્કીમમાં આવેલ પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકીઓ, પાણીની પાઈપ લાઈન, ગટર, સુએઝ, ઈલેકટ્રીક લાઈન, ટી.વી.લાઈન, ટેલીફોન લાઈન, વિગેરે લાવવા લઈ જવાની વ્યવસ્થા, કોમન લાઈટો, વિગેરે તમામ સુવિધાઓ વાપરવાનો હકક તથા સ્કીમની અન્ય સહવપરાશની

વસ્તુઓમાં વગર વહેંચાયેલ વરાડે પડતો હીસ્સો અમો વેચાણ આપનાર બીજીતરફવાલાએ તમો વેચાણ લેનાર એકતરફવાલાને આ વેચાણ દસ્તાવેજથી આપેલ છે. અને સદર સ્કીમમાં ફાળે અને ભાગે આવતી તમામ ચીજવસ્તુઓની સહવપરાશની માલીકી તમામ વેચાણ લેનારાઓની સહીયારી રહેશે. અને તેનો ઉપયોગ અન્ય સભ્યોને અડચણ ન થાય તે પ્રમાણે કરવાનો રહેશે. તેમજ તેના માસીક અગર વાર્ષિક મેઈન્ટેનન્સ વિગેરે માટે જે ખર્ચ નકકી કરવામાં આવે તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે અગર ડીપોઝીટ જે કોઈ વહીવટ માટેની સોસાયટી બનાવવામાં આવે તેને આપવાની રહેશે. તેમજ **''અભીષેક''** ના વહીવટ માળખાની રચનામાં વેચાણ લેનારે ફરજીયાત મેમ્બર થવાનું રહેશે. અને તેના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે. તેમજ મજકુર મીલકતનો ફકત રહેણાંકના હેતુ માટે વેચાણ લેનારે ઉપયોગ કરવાનો છે. તેમજ વેચાણ લેનારે અગર વખતો વખતના માલીકોએ અગર ભાડુઆતે નિતિ-નિયમો મુજબ ઉપયોગ કરવાનો રહેશે.

૧૨) મજકુર મીલકતને લગતા તમામ કાગળો જેવા કે અસલ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ કોપી, પ્લાન પાસની કોપી, એન.એ.ની કોપી, એફ.ફોર્મની કોપી, ૭/૧૨ ની કોપી, એન્ટ્રીની નકલ વિગેરે તમામ બીજીતરફવાલા વેચાણ આપનારએ એકતરફવાલા વેચાણ લેનારને સોંપેલા છે.

૧૩) મજકુર **''અભીષેક''** ના નામમાં ભવિષ્યમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવાનો નથી. તેમજ તેના કલર સ્કીમ કે એલીવેશનમાં કોઈપણ પ્રકારનો ચેન્જ કરવાનો નથી. તેમજ એલીવેશન બગડે તેવા કોઈ વેધરશેડ, બાલ્કની કવર કે તેવા પ્રકારનું કોઈપણ ચેન્જ વેચાણ લેનાર કરવાને હકકદાર નથી.

૧૪) મજકુર મીલકતનું બીજીતરફવાલા વેચાણ આપનારે લાગુ જીડીસીઆર પ્રમાણે બાંધકામ કરેલ છે. તેમ છતાં કોઈપણ કુદરતી અગર કુત્રીમ આપત્તિઓના કારણે બીલ્ડીંગ નુકશાન થાય તો બીજીતરફવાલા વેચાણ આપનારની કોઈપણ પ્રકારની જવાબદારી રહેતી નથી. તે અંગે એકતરફવાલા વેચાણ લેનારે કોઈ કલેઈમ કરવાના રહેતા નથી. તેમજ તે અંગે વેચાણ લેનારે જરૂરી ઈન્સ્યોરન્સ મેળવી લેવાનો રહેશે. મજકુર મીલકત અમો વેચાણ આપનારે કારપેટ એરીયા મુજબ વેચાણ આપેલ છે. પરંતુ તમો વેચાણ લેનારના જણાવવાથી બીલ્ટ એરીયા મુજબ માપ લખેલ છે.

૧૫) મજકુર બીલ્ડીંગના કે મીલકતના એલીવેશનમાં કે સ્ટ્રકચરમાં ફેરફારો ભવિષ્યમાં કયારેય પણ કરવા વેચાણ લેનાર હકકદાર નથી. તેમજ વેચાણ લેનારએ કરેલ તેવા કોઈ કૃત્યોને આધારે યોજનાના અન્ય મીલકતના માલીકોને કોઈપણ પ્રકારનું નુકશાન, ખર્ચ, જાન હાની થાય અગર બીલ્ડીંગની સ્ટેબીલીટીને નુકશાન થાય તો તે અંગેની તમામ ખર્ચ સહીતની સઘળી જવાબદારી એકતરફવાલા વેચાણ લેનારની છે અને રહેશે.

૧૬) મજકુર **"અભીષેક"** માં મીલકત ખરીદનારે વિન્ડો માટેની ગ્રીલ બનાવવી હોય તો ફકત અંદરની બાજુએ અમો વેચાણ આપનારએ અમારા આર્કીટેક પાસેથી તૈયાર કરેલ ડિઝાઈન મુજબ બનાવવાની રહેશે. તે સીવાયની ડિઝાઈનનો ઉપયોગ કરતા વેચાણ આપનાર તમો વેચાણ લેનારને અટકાવી શકશે. ઉપરોકત હેતુ સ્કીમને વેલમેઈનટેઈન રાખવા માટેનો છે. જે દરેક મીલકતના મેમ્બર્સને લાગુ પડશે.

૧૭) મજકુર **"અભીષેક"** સ્કીમની તમામ સહીયારી જમીન તથા સગવડોના નિભાવ તથા મેઈંટેનન્સ અંગે સર્વીસ સોસાયટીની રચના કરવામાં આવશે. જેમાં વેચાણ લેનાર તથા અન્ય સભાસદોએ સોસાયટીમાં ફરજીયાત સભ્ય થવાનું છે. જે આ દસ્તાવેજની મહત્વની શરત છે. તેમજ સર્વીસ સોસાયટીના કાયદા અને નિયમો તથા ઠરાવાનું વેચાણ લેનારને ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. તેમજ મજકુર મીલકત વેચાણ અથવા ભાડે આપવા કરતા સમયે સોસાયટીનું તમામ બાકી લેણું ભરપાઈ કરી સર્વીસ સોસાયટીની પુર્વ મંજુરી યાને નો-ઓબજેકશન સર્ટીફીકેટ લેવું જરૂરી રહેશે. તેમજ સર્વીસ સોસાયટીએ વખતો વખત નકકી કર્યા મુજબની ટ્રાન્સફર ફીની રકમ નવા ખરીદનાર વ્યકિતએ ભરવાની રહેશે. તેમજ સર્વીસ સોસાયટીના સભાસદ તરીકે દાખલ થવાની લાયકાત ધરાવતી વ્યકિતને જ મજકુર મીલકત વેચાણ કરવા વેચાણ લેનાર હકકકદાર રહેશે. અને ઉપરોકત તમામ વિગતો વેચાણ આપનારે વેચાણ લેનારને વાંચી વંચાવી અને દસ્તાવેજમાં સહી-મતા અંગુંઠાનું નિશાન લીધેલ છે. જે તમામ વેચાણ લેનારે કબુલ રાખેલ છે.

૧૮) મજકુર મીલકતની ઉપરોકત કિંમતમાં આજદીન સુધીના ઈલેકટ્રીક કંપની ચાર્જીસ, મ્યુ.કોર્પોરેશન ચાર્જીસ, લીગલ ખર્ચનો સમાવેશ થયેલ નથી. તેમજ મજકુર મીલકતની કિંમતમાં મેઈન્ટેનન્સ ડીપોઝીટ કે સર્વીસ ટેક્ષનો સમાવેશ થતો

નથી. તેમજ મજકુર મીલકત અંગે ભવિષ્યમાં સરકારશ્રી તરફથી જે કાંઈ ટેક્ષો ભરવાના થાય તે એકતરફવાલા વેચાણ લેનારે ભરવાના રહેશે.

૧૯) મજકુર મીલકત અંગે આજરોજ પછીના મ્યુ.કોર્પોરેશન ટેક્ષ, ઈલેકટ્રીક બર્નીગ, જમીનનો વરાડે મહેસુલ વેરો **"અભીષેક"** નો વહીવટી ખર્ચ વિગેરે આવે તો તે તમામ વેચાણ લેનારે ભરવાના છે.

૨૦) મજકુર મીલકતનાં વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ, રજી.ફી, ટાઈપીંગ, વકીલ ફી વિગેરે તમામ વેચાણ લેનાર એકલાએ ભોગવેલો છે.

૨૧) મજકુર મીલકત અંગે વેચાણ આપનાર પેઢીના ભાગીદાર તરીકે આપેલ પાવર ઓફ એટોર્ની અમલમાં છે. તે આધારે તેઓના કુલમુખત્યારે આ વેચાણ દસ્તાવેજ કરી આપેલ છે.

પ રી શી ષ્ટ

જત રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૧૧ (અસલાલી) તાલુકા વટવા (જુના અમદાવાદ શહેર-પુર્વ) નાં ગામ મોજે હાથીજણની સીમના એકત્ર બ્લોક નંબર. ૧૭૬/એ (મુળ બ્લોક નંબરો. ૧૭૬/એ, ૧૭૭, ૧૭૯, ૧૯૬) જેનો ડ્રાફટ ટાઉન પ્લાનીંગ સ્કીમ નંબર. ૭૬ (હાથીજણ) માં સમાવેશ થતા ફાઈનલ પ્લોટ નંબર. ૯૭+૧૦૧+૧૦૬ / ૨ ની બીનખેતીની રહેણાંકીય ઉપયોગની જમીન પૈકી અમદાવાદ મ્યુ.કોર્પોરેશનએ પાસ કરેલ પ્લાન મુજબ સબપ્લોટ નંબર. ૨ ચો.મી. ૮૦૦૮.૨૧ ની જમીનમાં **"અભિષેક"** નાં નામથી ઓળખાતી સ્કીમ આવેલ છે. જે ઈન્ડીયા કોલોની, રાધેઉપવન પાસે, મહેમદાવાદ રોડ, હાથીજણ, અમદાવાદમાં આવેલ છે. તેમાં બંગલા નંબર. ..... પ્લોટ એરીયા ચોરસમીટર. .... ની જમીન (કોમન રસ્તા તથા કોમન પ્લોટ સહીત) તેમાં આવેલ ગ્રા.ફલોર તથા ફર્સ્ટ ફલોર ચો.મી. ____________ ના બીલ્ટઅપ એરીયાના બાંધકામવાલી મીલકત

<u>જેનાં ખુંટચારની વિગત જે :--</u>

પુરવે :

પશ્ચિમે :

ઉત્તરે :

દક્ષિણે :

એ રીતેનાં નંબર માપ તથા ખુંટચાર વચલી મીલકત **"અભિષેક"** ના કોમન ફેસીલીટીઝના વરાડે મલતા હકકો સહીત.

ઉપર મુજબનો આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારએ રાજીખુશીથી તથા અકકલ હોંશિયારીથી વાંચી સમજી કરેલ છે. તે વેચાણ આપનારને તથા વેચાણ આપનારના ભાગીદારો, એકઝીકયુટરો ઈત્યાદિ તમામને કબૂલ મંજૂર સહી અને બંધનકર્તા છે.

આજરોજ તારીખ. .... માહે .... સને ૨૦૧૭ નાં દીને શહેર અમદાવાદ મધ્યે કરેલ છે.

<u>વેચાણ આપનાર-બીજીતરફવાળા :--</u>

" બી. નાનજી-એ " એ નામની
ભાગીદારી પેઢીના વતી અને તરફથી
તેના વ.ક.ભાગીદારો
૧) આશીષભાઈ ભુપેન્દ્રભાઈ પટેલ
૨) પ્રશાંતભાઈ પ્રવિણચંદ્ર અમીન
ઉપરોકત બંનેના કુલમુખત્યાર દીનેશભાઈ ---------------------
પ્રમુખભાઈ પટેલએ તેમનું મતુ નીચે
જણાવેલ બે શાક્ષીઓ રૂબરૂ કરેલ છે.

૧) -----------------

૨) -----------------